# સુરત મહાનગરપાલિકા

## જાહેરાત

ધી એપ્રેન્ટીસ એકટ–૧૯૬૧ હેઠળ સુરત મહાનગરપાલિકામાં નીચે જણાવેલ જુદાં જુદાં ટ્રેડોમાં નિયત લાયકાત ધરાવતાં ઉમેદવારો પસંદ કરવા માટે તા.૧૬/૦૫/૨૦૨૨, ૧૧–૦૦ કલાક થી તા.૨૬/૦૫/૨૦૨૨, ૨૩–૫૯ કલાક સુધીમાં ઓનલાઈન અરજી મંગાવવામાં આવે છે.

| અ. નં. | એપ્રેન્ટીસ ટ્રેડનું નામ | સંખ્યા | તાલીમ સમય | સ્ટાઈપેન્ડ ની રકમ | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|---|---|
| 1 | ઈલેકટ્રીશ્યન / વાયરમેન | 200 | ૧–વર્ષ | 8050/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 2 | ફીટર | 20 | ૧–વર્ષ | 8050/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 3 | ડ્રાફ્ટસમેન (સીવીલ) | 20 | ૧–વર્ષ | 8050/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 4 | મીકેનીક મોટર વ્હીકલ | 05 | ૧–વર્ષ | 8050/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 5 | હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર | 200 | ૧–વર્ષ | 7700/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 6 | કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | 100 | ૧–વર્ષ | 7700/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 7 | સર્વેયર | 40 | ૧–વર્ષ | 7700/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 8 | મીકેનીક (ડીઝલ) | 10 | ૧–વર્ષ | 7700/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 9 | મેડીકલ લેબ. ટેક. (પેથોલોજી) | 10 | ૧–વર્ષ | 9000/- | ૧૨ + બી.એસ.સી (કેમેસ્ટ્રી – ફીઝીકસ– બાયોલોજી વિષય સાથે) |
| 10 | એકાઉન્ટસ એકઝીકયુટીવ | 100 | ૧–વર્ષ | 9000/- | એમ. કોમ. |
| 11 | ઓફીસ ઓપરેશન એકઝીકયુટી (બેક ઓફિસ) | 200 | ૧–વર્ષ | 9000/- | બી.એ. |
| 12 | માઈક્રો ફાઈનાન્સ એકઝીકયુટીવ | 45 | ૧–વર્ષ | 9000/- | બી.કોમ / બીબીએ |
| 13 | લોન પ્રોસેસીંગ ઓફીસર | 50 | ૧–વર્ષ | 9000/- | બી.કોમ |
| | કુલ | **1000** | | | |

આ એપ્રેન્ટીસ ટ્રેડની જાહેરાત અન્વયે ઓનલાઈન અરજી કરતાં પહેલાં વિગતવાર જાહેરાત સાથેની જાહેરાતની સામાન્ય સુચનાઓ અને ઓનલાઈન અરજી કરવાની રીત અંગેની નીચે મુજબની સામાન્ય સુચનાઓ જોવા વિનંતી. ત્યારબાદ જ ઉમેદવારે અરજી કરવાની રહેશે. વધુ વિગત માટે મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગનો ફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ–૨૩૧) ઉપર સંપર્ક કરવો.

**–: એપ્રેન્ટી ઉમેદવારો માટે સામાન્ય સુચનાઓ :–**

(૧) સુરત મહાનગરપાલિકામાં એપ્રેન્ટીસ તરીકે અરજી કરતા પહેલા સૌ પ્રથમ દરેક ઉમેદવારે https://apprenticeshipindia.gov.in પોર્ટલ ઉપર એપ્રેન્ટીસ તરીકે રજીસ્ટ્રેશન કરાવી જનરેટ થયેલ રજીસ્ટ્રેશન નંબર અરજી પત્રકમાં ફરજિયાત દર્શાવવાનો રહેશે.

(૨) https://apprenticeshipindia.gov.in પોર્ટલ ઉપર એપ્રેન્ટીસ પ્રોફાઈલની વિગત ભરી ફરજિયાત આધારકાર્ડ વેરીફીકેશન કરવાનું રહેશે.

(૩) એપ્રેન્ટીસ ઉમેદવારે https://apprenticeshipindia.gov.in પોર્ટલ ઉપર એપ્રેન્ટીસ તરીકે રજીસ્ટ્રેશન કરી એપ્રેન્ટીસની પ્રોફાઈલની વિગત ભર્યા બાદ https://suratmunicipal.gov.in/information/recruitment લીન્ક ઉપર જઈ ઓનલાઈન અરજી કરવાની રહેશે.

(૪) જાહેરાતમાં દર્શાવેલ લાયકાત મુજબ એપ્રેન્ટીસ ઉમેદવારે ઓનલાઈન અરજીમાં છેલ્લા સેમીસ્ટર / વર્ષ ની માર્કશીટ ફરજીયાત અપલોડ કરવાની રહેશે.

(૫) ઉપરોકત તમામ કેડરો માટે એપોઈન્ટમેન્ટ ઓથોરીટી ને યોગ્ય જણાય તેવા માપદંડના આધારે આખરી પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે. જેના દ્વારા જે તે જગ્યાની બેઝીક લાયકાત અંગેના માપદંડ નકકી કરાશે અને તે અંગેની જાણ માન્ય થયેલ અરજીના ઉમેદવારોને અરજીફોર્મમાં દર્શાવેલ મોબાઈલ નંબર અથવા ઈ–મેઈલ ઉપર મેસેજ દ્વારા જાણ કરવામાં આવશે.

(૬) આ જાહેરાત માટે જરૂર પડયેથી ડોકયુમેન્ટ વેરિફીકેશન માટેની તારીખ તથા જરૂરી સુચનાઓ જે તે સમયે મોબાઈલ નંબર અથવા ઈ–મેઈલ ઉપર મેસેજ દ્વારા જાણ કરવામાં આવશે. જેથી ઓનલાઈન અરજી કરતાં સમયે મોબાઈલ નંબર તથા ઈ–મેઈલ એડ્રેસ ભરતીની પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો. જે આપના હિતમાં રહેશે. ઈ–મેઈલ કે ફોન નંબર બદલવાથી ભવિષ્યમાં ઉપસ્થિત થનાર પરિસ્થિતિ માટે સુરત મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહી.

(૭) **ડોકયુમેન્ટ વેરીફિકેશન સમયે એપ્રેન્ટીસ ઉમેદવારે અરજી ફોર્મમાં જણાવેલ તમામ ડોકયુમેન્ટ ઓરીજીનલ તથા અરજીની નકલ સાથે તમામ ડોકયુમેન્ટની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.**

(૮) જો ઉમેદવાર એપ્રેન્ટીસશીપ માટે અન્ય કોઈ એકમ / સંસ્થા સાથે કરારનામાંથી જોડાયેલા હશે તો ઉમેદવારની અરજી રદ થવા પાત્ર થશે.

(૯) **રૂબરૂ અથવા ટપાલથી મોકલવામાં આવેલ અરજી સ્વીકારવામાં આવશે નહી.**

(૧૦) **અગાઉ જે તે ટ્રેડમાં એપ્રેન્ટીસશીપ કરી ચુકેલ ઉમેદવારે અરજી કરવી નહી.**

(૧૧) એપ્રેન્ટીસને ધી એપ્રેન્ટિસ એકટ–૧૯૬૧ હેઠળ સ્ટાઈપેન્ડ ચુકવવામાં આવશે.

(૧૨) ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષ કરતા ઓછી હોવી જોઈએ નહી.

(૧૩) આ જાહેરાત ફકત એપ્રેન્ટીસશીપ માટે છે, એપ્રેન્ટીસશીપનો જે તે ટ્રેડનો નિયત સમયગાળો પુર્ણ થયેથી એપ્રેન્ટીસને તુરંત છુટા કરવામાં આવશે.

(૧૪) આ જાહેરાત કોઈપણ કારણસર પુરેપુરી અથવા કોઈ કેડર માટેની અરજી રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સુરત મહાનગરપાલિકાની એપોઈન્ટમેન્ટ ઓથોરીટીને સંપુર્ણ હકક/અધિકાર રહેશે અને આ માટે કોઈ કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

(૧૫) લાયક ઉમેદવારના અરજી ફોર્મ તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઈ ઉમેદવાર એપ્રેન્ટીસ એકટ તથા જાહેરાતની જોગવાઈઓ મુજબ લાયકાત ધરાવતાં ન હોવાનું માલુમ પડશે અથવા જરૂરી પ્રમાણપત્રો વગરની માલુમ પડશે અથવા અરજી અને અસલ પ્રમાણપત્રો સાથે વિસંગતતા જણાશે તો તેમની ઉમેદવારી કોઈપણ તબકકે રદ કરવામાં આવશે.

**સહી/–**
**મ્યુનિસિપલ કમિશનર**
**સુરત મહાનગરપાલિકા**

નં.પીઆરઓ/૮૭/૨૦૨૨–૨૩.
સુરત. તા.૧૩/૦૫/૨૦૨૨